અપીલ અરજી નં.૩૩૯ તા.૧૬–૨–૦૯

અરજદારઃ શ્રી હેમંત એન. દેસાઈ
સામાવાળાઃ ડે.કમિશ્નર (હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારી હેલ્થ એન્ડ હોસ્પિટલ

***ફરીયાદની હકીકતઃ–***

**વિષય :–**આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન. દેસાઈની તા.૯–૧–૦૯ નીઅરજીથી સુરત શહેરના નાગરિકોની આરોગ્યની જવાબદારી સુ.મ.પા.ના આરોગ્ય વિભાગને કે પછી ગુજરાત પોલ્યુશન બોર્ડની જવાબદારી હોય છે તેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૧૬–૨–'૦૯ ની અપીલ અરજી નં.૩૩૯/૨૦૦૮–૦૯

શ્રી હેમંત એન. દેસાઈની તા.૯–૧–૦૯ ની અરજીથી સુરત શહેરના નાગરિકોની આરોગ્યની જવાબદારી સુ.મા.પા. ના આરોગ્ય વિભાગને કે પછી ગુજરાત પોલ્યુશન બોર્ડની જવાબદારી હોય છે તેની માહિતી આપવા બાબતે અધુરી અને સંતોષકારક માહિતી આપવામાં આવેલ નથી તેવા મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૬–૨–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૩૧ તા.૨૫–૨–૦૯ થી ડે.કમિશ્નર (હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારી હેલ્થ એન્ડ હોસ્પિટલને પત્ર પાઠવવામાં આવેલ.જેના અનુસંધાને તેઓ તરફથી અત્રેના વિભાગને કોઈ વિશેષ માહિતી મળેલ નથી.

અરજદારની તા.૯–૧–૦૯ ની અરજીથી સુરત શહેરના નાગરિકોની આરોગ્યની જવાબદારી સુ.મા.પા.ના આરોગ્ય વિભાગને કે પછી ગુજરાત પોલ્યુશન બોર્ડની જવાબદારી હોય છે તેની માહિતી આપવા જણાવેલ. જેના અનુસંધાને અરજદારે અપીલ અરજીમાં જાહેર માહિતી અધિકારીએ આપેલ જવાબની નકલ સામેલ કરેલ. તે મુજબ જાવક નં./પીએચડી/આ.અ./૨૧૭૪ તા.૨–૨–૦૯ થી બીપીએમસી એકટ ૧૯૪૯ ની જોગવાઈ હેઠળ મળેલ સત્તા અને ફરજ મુજબ સુ.મ.ન.પા શહેરના નાગરિકો માટે જાહેર આરોગ્ય રક્ષણ સબંધી જોગવાઈ કરે છે તેવી માહિતી આપ્યાનું જણાય છે. અરજદારે અપીલ અરજીમાં બીપીએમસી એકટ ૧૯૪૯ ની કઈ કલમ હેઠળ જવાબદારી સુરત મહાનગરપાલિકાની આવે છે તે કલમની જાણકારી આપવામાં આવેલ નથી એમ જણાવેલ છે.

## ***હુકમ***

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૯–૧–૦૯ ની અરજીથી માંગ્યા મુજબની માહિતી સબંધિત જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. મૂળ અરજીની માહિતી સંદર્ભમાં માહિતી પૂરી પડાયેલ હોય અપીલ અરજીમાં કોઈ હુકમ કરવાનો રહેતો નથી અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

અરજદારે અપીલ અરજીમાં મુળ અરજીથી ઉપસ્થિત કરેલ માહિતી અંગે લાગત જાહેર માહિતી અધિકારીને અલાયદી અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૩ –૦૯.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) ડે.કમિશ્નર (હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારી હેલ્થ એન્ડ હોસ્પિટલ.... જાણ તથા અમલ માટે
(૨) શ્રી હેમંત એન. દેસાઈ